R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 05 DATE: 02-02-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગણતંત્રની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ત્રણ મહાન હસ્તીઓને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની જાહેરાત કરી

ગણતંત્ર દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ત્રણ મહાન હસ્તીઓને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન'ભારત રત્ન' આપવાની જાહેરાત કરી છે. દેશના નિષ્ઠાવાન સમાજસેવક નાનાજી દેશમુખ (મરણોત્તર) મશહુર ગાયક ભુપેન હજારીકા અને પુર્વ રાષ્ટ્રપતિ અને રાજનેતા પ્રણવ મુકરજીને 'ભારત રત્ન' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.જે દેશની અસાધારણીય સેવા બદલ પ્રદાન કરવામાં આવે છે. ભારત રત્નની જાહેરાત બાદ વડાપ્રધાન મોદીએ ત્રણેય મહાન હસ્તીઓની પ્રશંસા કરી હતી.મોદીએ કહ્યુ હતું કે પ્રણવ દા અમારા સમયના ઉત્કૃષ્ટ રાજનેતા છે.તેમણે દાયકાઓ સુધી દેશની નિસ્વાર્થ સેવા કરી છે. ભુપેન હજારીકાએ ગીત-સંગીતની પેઢીઓથી લોકો દ્વારા સરાહના થઈ છે. એનાથી ન્યાય સોહાર્દ અને ભાઈચારાનો સંદેશ ફેલાય છે.

ગ્રામીણ વિકાસ માટે નાનાજી દેશમુખનું મહત્વપુર્ણ પ્રદાન આપણા ગામમાં રહેનાર લોકોને સશક્ત બનાવવા માટે નવા પ્રતિમાનનો માર્ગ



દેખાડ્યો છે.અહીયા નોધવું રહ્યુ કે ભારત રત્ન માટે પ્રણવ મુકરજીની પસંદગીથી રાજકીય વર્તુળોમાં વિસ્મય પેદા થયું છે.દેશના દ્રીતીય ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન પધ્મ વિભુષણ પુરસ્કારથી લોક-સાહિત્ય કલાકાર તિજનબાઈ,ઈસ્માઈલ ઓમર ગૌલેહ(પબ્લીક એફેર્સ)એલ એન્ડટીના ચેરમેન એમ.કે.નાઈકનું સન્માન થશે.જ્યારે પધ્મભુષણ પુરસ્કારથી ૧૪ મહાન ભારતીયોનું સન્માન થશે.જેમાં સુખદેવ ધીંડસા,ધર્મપાલ ગુલેટી,અશોક કુકાડે, પ્રવીણ ગોરધન,મહાશય ધરમપાલ ગુલાંટી,કરીયા મુંડા,બધાદિત્યા મુખરજી,મોહન વિશ્વનાથન નાયર,એસ.નામ્બી નારાયણ,કુલદી. નાયર(મરણોત્તર) બચેન્દ્રી પાલ, વીકે સુંગલુ, અને સાંસદ હુકમદેવ નારાયણ યાદવ છે.પધ્મશ્રી માટે વિવિધ ક્ષેત્રોના ૯૪ મહાનુભાવોની પસંદગી થઈ છે જેમાં અભિનેતા મનોજા બાજપાઈ,ક્રિકેટર ગૌતમ ગભીર,અભિનેતા કાદરખાનમરણોત્તર) સામેલ છે.

આ પહેલાં વર્ષ ૧૯૯૯માં સિતારવાદક પંડિત રવિશંકર, અર્થશાસ્ત્રી અમર્ત્યસેન, અને સ્વતંત્રતા સેનાની ગોપીનાથ બોરદોલાઈની ભારત રત્ન માટે પસંદગી થઈ હતી.

## અમેરિકાના ૩૫ દિવસના સૌથી લાંબા શટ ડાઉનનો અંત : આખરે પ્રમુખ ટ્રમ્પ ચારેબાજુના દબાણથી ઝુકી ગયા



અમેરિકાના ૩૫ દિવસના અત્યાર સુધીના સૌથી લાંબા શટડાઉનનો આખરે અંત આવ્યો છે.પ્રમુખ ટ્રમ્પ ઉપરા ચારેબાજુએથી દબાણ થતાં તેમને લોકોની માંગણી સામે ઝુકી જવું પડ્યું છે.ટ્રમ્પે સરકારી ખાતાઓ રિઓપન કરતાં અને આંશિક શટડાઉનનો અંત લાવતા બિલ પર સહી કરી હતી.મેકસિકો વોલ માટે ટ્રમ્પે અમેરિકી કોંગ્રેસ સમક્ષ૫.૭૦ અબજ ડોલરના ફંડની માંગણી કરી હતી. જેનો ઈન્કાર કરતાં ૨૨ ડિસે.થી ટ્રમ્પે સરકારી ખાતાઓ બંધ કરતાં આશિક શટડાઉનની જાહેરાત કરી હતી.શટ ડાઉનના અંતને ડેમોક્રેટ્સનો રાજકીય વિજય માનવામાં આવે છે.શટડાઉનનો અંત લાવતાં બિલ પર રિપબ્લીકન્સની બ હુમતી ધરાવતી સેનેટ અને ડેમોક્રટેસની બહુમતી ધરાવતા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં વિના વિરોધે પસાર કરવામાં આવ્યું હતું.મેકસિકોની બોર્ડર માટેની વાટાઘાટનો માર્ગ ખુલ્લો થયો છે. યુએસમાં ૩૫ દિવસના લાંબા શટડાઉનથી યુએસ ઈકોનોમીને ૬ અબજ ડોલરનું નુકશાન થયું હતું જે ટ્રમ્પની દિવાસ માટે ૫.૭૦ અબજી ડોલરની માંગણી કરતાં યુએસ ઈકોનોમીને ૩૦,૦૦૦ ડોલરનું વધુ નુકશાન થયું છે.

## 'ભારત રત્ન' આપવા બાબતે શિવસેનાએ સરકાર સામે વિરોધ કર્યો

એનડીએમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ પણ ભારત રત્ન આપવા બાબતે સવાલ ઉઠાવ્યા હતા.શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યુ છે કે અમારા બધાના ભાષણનો મુખ્ય મુદો એ હોય છે કે ૬૦ વર્ષમાં કોગ્રેસ કંઈ કર્યુ નથી અને પ્રણવ મુકરજી એ જ કોગ્રેસ કલ્ચરમાંથી આવે છે.ભાજપ હિદુત્વની વાત કરે છે પણ એના પર કામ કરતી નથી.જો ભાજપ હિદુત્વવાદી છે તો દેશના પ્રખર હિદુત્વવાદી નેતા વીર સાવરકર જે પચાસ વર્ષ જેલમાં રહ્યા તેમને ભારત રત્ન આપવો જોઈએ.વીર સાવરકરને ભારત રત્ન આપવાની માંગ જ્યારે ભાજપ વિપક્ષમાં હતો ત્યારથી થઈ રહી છે. હવે સત્તામાં છે બધુ તેમના હાથમાં છે તો સાવરકરને ભારત રત્ન કેમ આપવામાં આવ્યો નથી.

જ્યારે યોગગુરુ રામદેવે કહ્યુ હતું કે પાછલા ૭૦ વર્ષમાં એકપણ સંન્યાસીને ભારત રત્ન આપવામાં આવ્યો નથી.પછી એ મહર્ષિ દયાનંદ,સ્વામી વિવેકાનંદ કે શિવકુમાર સ્વામી હોય.તેમણે કહ્યુ હતું કે મધર ટેરેસાને એટલા માટે એ પુરસ્કાર આપવામાં આવ્યો હતો કે તેઓ ખ્રિસ્તી હતાં.પણ સંન્યાસીઓને આ પુરસ્કાર નથી અપાયો. તેમણે સવાલ કર્યો હતો કે શુ ભારતમાં હિંદુ હોવું ગુનો છે.જો કે ભાજપના સાથીઓ તેમની નીતિઓનો વિરોધ કરી રહ્યા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## ફીલીપાઇન્સમાં કેથેડ્રલમાં બે બ્લાસ્ટ થયાં, ૨૭ ના મોત નિપજ્યા

ફીલીપાઈન્સના ટાપુ શહેર મિડોના ખાતે આવેલા રોમન કેથોલીક જોલો કેથેડ્રલમાં લોકો રવિવારે સમુહ પ્રાર્થના માટે એકઠા મળ્યા હતા ત્યારે થયેલા બે બોમ્બ વિસ્ફોટમાં ૨૭ લોકોના મોત નિપજ્યા હતા.અને ૮૧ લોકોને ઈજા થઈ હતી.પોલીસે આ ઘટનામાં આતંકી હુમલાના એંગલથી તપાસ કરી રહી છે. હજી સુધી કોઈએ આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.બોંબ વિસ્ફોટ થતાં અફરાતફરી મચી હતી. સત્તાવાળાઓએ બચાવ કામગીરી હાથ ધરી હતી જેમાં ૮૧ ઈજાગ્રસ્તોને હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી. આ વિસ્તારોમાં મુસ્લીમ આતંકીઓ સક્રીય હોવાનું જાણવા મળે છે.

ઈજાગ્રસ્તોમાં ૧૪ આર્મી જવાનો,૨ પોલીસ, અને ૬૫ નાગરિકોનો સમાવેશ થાય છે.લઘુમતી મુસ્લીમો દ્વારા ગયા અઠવાડિયે સધર્ન ફિલીપિન્સને સ્વાયત્તતા આપતી નવી સમજુતી કરવામાં આવી હતી તે પછી આ વિસ્ફોટની ઘટના બની હતી.વિસ્ફોટ ચર્ચની અંદર થયો હતો.હજી લોકો બીજુ કંઈ સમજે તે પહેલા બીજો વિસ્ફોટ થયો હતો.

## કોગ્રેસ સત્તામાં આવશે તો મહિલા અનામત બિલ તરત પસાર કરાશે

લોકસભાની ચુંટણી પહેલા મતદારોને આર્કષવા માટે કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક મોટું વચન આપ્યું છે. ગરીબોને લઘુત્તમ આવક આપવાનું વચન આપ્યા બાદ બીજુ વચન આપ્યું છે કેતેઓ મહિલા અનામત બિલને પસાર કરશે.તેમણે મહિલાઓની રાજનીતીમાં ભાગીદારી અંગે કહ્યુ હતું કે અમે દરેક ચુંટણીમાં સુનિશ્ચિત કરી શું કે યુવાનો અને મહિલાઓ કોગ્રેસમાં વધુ ને વધુ જોડાય. હું મહિલાઓની વધુ ને વધુ ભાગીદારી જોવા માંગુ છું.ઉલ્લેખનીય છે કે મહિલા અનામત બિલનો ઉદેશ્ય લોકસભા અને રાજ્ય વિધાનસભામાં મહિલાઓની ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવાનો છે. તેઓ કેરળના કોચિનમાં કાર્યકર્તાઓને સંબોધિત કરી રહ્યા હતા.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકસભાની ચુંટણીઓ પહેલાં ફરીથી રામ મંદિરના મુદ્દે ગરમાવો લાવવાનો દાવ અજમાવવામાં આવી રહ્યો છે. ભાજપ મંદિરના મુદ્દે છેલ્લા કેટલાક વર્ષોથી હિંદુ મતદારો સાથે રમત રમી રહ્યો છે.અયોધ્યામાં રામમંદિર બાંધવાના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં મુળ મુદ્દો મંદિરનો નથી પરંતુ ત્યાંની જમીન કોની માલિકીની છે તે પુરવાર કરવા અંગેનો છે. સુપ્રીમે કોર્ટે કહ્યુ હતું કે આ સીવીલ મુદ્દો છે તેથી તેની તાત્કાલિક સુનાવણી કરવી કે રોજબરોજ કેસ ચલાવવો અગત્યનો નથી પરંતુ ચુંટણીઓ નજીક આવી રહી છે અને ભાજપના ભાથામાં કોઈ નવા મુદ્દાઓ છે જ નહીં પરંતુ મંદિરનો મુદ્દો એક એવી લાગણીને સ્પર્શતો મુદ્દો છે જેનાથી મતો લણી શકાય.હાલમાં અયોધ્યામાં સરકાર દ્વારા સંપાદિત કુ.૬૭.૭૦૩ એકર જમીન છે અને તેના પર કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરવા બાબતે સુપ્રીમ કોર્ટનો મનાઈ હુકમ છે.મુળ જમીના માલિકો વચ્ચે વહેચણી કરવાનો મુદ્દો અગત્યનો છે.પરંતુ હાલમાં મોદી સરકાર મંદિરના મામલે ચોતરફથી ઘેરાઇ ચુકી છે.૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓ વખતે રામમંદિર બનાવવાનું વચન લોકોને આપવામાં આવ્યું હતું. પરંતુ તે શક્ય બન્યું નથી. ઉલ્ટાનું નોટબંધી,જીએસટી,બેન્કોના કૌભાંડો વિગેરે સરકારની આબરુ ઘટાડી દીધી છે.તેથી ૨૦૧૯ની ચુંટણીમાં હવે ૨૦૧૪ના જેવા પરિણામો આવે તેવી શક્યતાઓ ઘટી ગઈ છે. ઉપરાંત ઈવીએમ મશીનની કરાયેલી ગરબડો અંગે થઈ રહેલા ઉહાપોહમાં જે બાબતો જાહેર થઈ રહી છે તેનાથી ભાજપના પગ નીચેથી ચાદર ખસી રહી છે.વિરોધીઓ પર તુટી પડતી સરકાર,વિકાસની વાતો કરતી સરકાર, અને જાહેર તાયફાઓમાંથી નવરી પડતી નથી. લોકહિતના કાર્યોની વાતો માત્ર અભરાઈઓ પર ચઢાઈદેવાઈ છે. માત્ર વ્યક્તિલક્ષી રાજકારણ વ્યવસ્થિત રીતે ચલાવાઈ રહ્યું છે.ભાજપની અંદરની લોકશાહી અને કાર્યકરોમાં પણ ઉકળતો ચરુ દેખાઈ રહ્યો છે.પરિણામે એવા જ મુદ્દાની તાતી જરુરીયાત છે જે ભાજપને આવનારી ચુંટણીઓમાંથી તારી શકે.સરકારે ચારેબાજુએથી પ્રચાર ઝુંબેશ વેગવંતી બનાવી છે અને કોર્ટો ઉપર દબાણની સ્થિતિ સર્જી નાંખી છે જે તેમના ચુકાદાને અસર કરે.હવે સરકારે ચાલબાજી ચાલી છે તેમણે જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની રાહ જોયા વગર અયોધ્યાની બિનવિવાદીત ૬૭ એકર જમીન સોપવા સુપ્રીમ માં અરજી દાખલ કરી છે. જો સુપ્રીમ કોર્ટ હકારમાં જવાબ આપશે તો પોતાની જીત થઈ છે તેનો જશ્ન મનાવાશે અને કોકડું નહિ ઉકેલ તો અપજશ કોગ્રેસને માથે ઠોકી બેસાડવાનું કામ તેમના માટે સરળ બનશે.

# ઉત્તરપ્રદેશમાં કોગ્રેસના મહાસચિવ પદે શ્રીમતી પ્રિયંકા ગાંધીની નિમણુંક




લોકસભાની ચુંટણી અગાઉ ઉત્તર પ્રદેશમાં કોગ્રેસે યુપીના મહાસચિવ પદે શ્રીમતી પ્રિયંકા ગાંધી વાડેરાની નિમણુંક કરતાં રાજકીય ગરમી આવી ગઈ છે.કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ તેમની નિમણુંક કરી છે.

અત્યાર સુધી યુપીમાં અમેઠી અને રાયબરેલી મત વિસ્તારમાં પોતાની માતા સોનિયા ગાંધી અને ભાઈ રાહુલની ચુંટણીઓમાં સક્રીયપણે તેઓ હિસ્સેદાર રહ્યા હતા. પરંતુ આ વખતે તેમને કોગ્રેસ પક્ષના યુપી ખાતેના મહાસચિવ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભારતીય રાજકારણમાં નહેરુ-ગાંધી પરિવારના ૧૧માં સભ્યનું પર્દાપણ કહેવાશે. પ્રિયંકા ગાંધીની એન્ટ્રીથી પક્ષમાં ઉત્સાહ જોવા મળ્યો છે તેનાથી એવું માનવામાં આવી રહ્યું છે કે તેઓ ગેમ ચેન્જર બની શકશે.

આમ તો પ્રિયંકાની ઈમેજ તેમની દાદીને મળતી આવે છે.સ્વ ઈન્દીરા ગાંધી જેવી તેમની પ્રતિકૃતિ છે તેમની છટા,હાવભાવ અને શૈલી તેમને મળતી આવતી હોવાથી લોકોમાં તેમની ચાહના ઈન્દીરા ગાંધી જેવી છે.જો કે તેઓ તેમની દાદી જેવો કરિશ્મા બતાવી શકશે કે કેમ તે આવનાર ચુંટણીઓમાં નક્કી થશે પરંતુ તેમની રાજકારણમાં એન્ટ્રીથી તેમના વિરોધીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.લોકસભાની ચુંટણી પહેલાં કોગ્રેસને પુનઃ જીવીત કરવા રાહુલ ગાંધીનો ગણતરીપુર્વકનો પાસો છે.ઉત્તર પ્રદેશમાં સપા-બસપાનું ગઠબંધન થયું હોવાથી કોગ્રેસે એકલા હાથે ચુંટણી લડવાની છે તેથી કોગ્રેસે તેનું માળખુ મજબુત બનાવવું પડશે. યુપીની જવાબદારી પ્રિયંકા અને જ્યોતિરાદિત્ય સિંધિયાને સોપવામાં આવી છે.પ્રિયંકાની નિમણુંકનો કોગ્રેસના વરિષ્ઠ નેતાઓએ આવકારી છે.કોગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરાએ જણાવ્યુ હતું કે પ્રિયંકાને મહત્વની જવાબદારી સોપાઈ છે.જ્યારે રાજીવ શુકલાએ જણાવ્યુ હતું કે પ્રિયંકાના આગમનથી સમગ્ર દેશમાં કોગ્રેસ પુન-જીવિત થશે.કેપ્ટન અમરિન્દરસિંહ,પંજાબના મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે દેશભરમાંથી કોગ્રેસને બેઠી કરવામાં પ્રિંયંકાની ભુમિકા મદદરુપ બનશે.આમ દેશભરના કોગ્રેસી નેતાઓએ તેની રાજકારણમાં પ્રવેશ બાબતે સરાહના કરી છે.

પ્રશાંત કિશોરે ટ્વિટ કરતાં જણાવ્યુ હતું કે રાજકારણમાં જેની સૌથી વધુ રાહ જોવાતી હતી તેવી એન્ટ્રી થઈ છે. ભલે લોકો સમય,ભુમિકા અંગે વાતો કરી રહ્યા હોય, પરંતુ પ્રિયંકાએ આખરે રાજકારણમાં ઝુકાવવાનો નિર્ણય લીધો છે.

જ્યારે દેશના વડાપ્રધાને લોકસભાની ચુંટણીના પગલે રાજનીતિમાં પ્રિયંકા ગાધીની દસ્તક પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે કેટલાક લોકો માટે પરિવાર જ પાર્ટી છે જ્યારે અમારે ત્યાં પાર્ટી જ પરિવાર છે.દેશની કેટલીક રાજકીય પાર્ટીઓનું ગોત્ર કોગ્રેસ છે. તેથી અમે કોગ્રેસમુક્ત દેશની વાત કરીએ છીએ ત્યારે અમારો વિરોધ આ જ સંસ્કૃતિની સામે હોય છે.કોગ્રેસમાં એક પરિવારનો વિરોધ અપરાધ મનાય છે.

જો કે પરિવારવાદની વાતોમાં ભાજપ પણ અછુત નથી.કેટલાય નેતાઓના પરિવારજનો ભાજપમાં છે.જ્યાં તેમને પરિવાર વાદ નડતો નથી. પરંતુ કોગ્રેસના માટે આ બાબત તેમના માટે મુદ્દો છે.

ભાજપના મતે રાહુલ ગાંધીનું નેતૃત્વ નિષ્ફળ ગયું છે અને તેમના કહેવા પ્રમાણે કોગ્રેસે રાહુલ ગાંધી નિષ્ફળ ગયા છે તેમ માનીને પ્રિયંકા ગાંધીને રાજકારણમાં એન્ટ્રી કરાવી છે.જો કે પ્રિયંકાની ભુમિકા હાલમાં તો યુપી પુરતી મર્યાદિત છે. યોગી-મોદીના રાજકારણ સામે તેમણે લડવાનું છે.આ વખતે યુપીમાં સોનિયા અને રાહુલ વિરુધ્ધ મોરચો ભારે મોટી લડાઈ આપશે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386





## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## ૭૦મું પ્રજાસત્તાક પર્વ

### વિકાસની ભરી ઊંચી ઉડાન
### ગુજરાત બન્યું દેશની શાન
### સુરક્ષિત અને સમૃધ્ધ ગુજરાત

### અવિરત વિકાસની આગેકુચ ...

**૯મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૯ને મળી અભુતપુર્વ સફળતા :**
**૧૩૫ દેશો સહિત ૪૨ હજારથી વધુ લોકો બન્યા ભાગીદાર :૨૮૩૬૦ જેટલા સમજુતી કરારઃ**
**31 માર્ચ સુધીમાં થશે**
**૧લાખ ૧૧ હજાર કરોડના રોકાણોઃ ૪૦૦થી વધુ કંપનીઓ દ્વારા થશે ખાતમુર્હત-ઉદઘાટન-કાર્યારંભ**

**વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ૧૮૨ મીટર સ્ટેચ્યુ ઓફ યુનીટીના માધ્યમથી વિશ્વના નકશામાં ગુજરાતને મળ્યું સર્વોચ્ચ સ્થાન :પ્રવાસન પ્રવૃત્તિ સાથે વનબંધુઓનુ થસે સશક્તિકરણ :**
**CRISIL ના સ્ટેટ ઓફ ગ્રોથ ૨.૦ના રિપોર્ટ મુજબ ગુજરાત જીએસડીપી વિકાસ દર,નાણાંકીય શિસ્ત અને વ્યવસ્થાપન તથા રોજગારી સર્જનમાં પ્રથમક્રમે :મોંઘવારીને કાબુમાં રાખવામાં પણ અગ્રીમ સ્થાને**
**૧૨૫ એમ.એમ.વરસાદના નિયમને બદલી ૩૫૦ એમ.એમ.થી ઓછા વરસાદવાળા ૯૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરી**
**રૂ.૧૩૦૦કરોડના ખાસ સહાય પેકેજ સાથે પ્રજાની પડખે ઉભી સરકાર : ૧૩ લાખથી વધુ ખેડુતોને મળશે સહાય**
**૭૫૦૦૦ યુવાનોને મુખ્યમંત્રી એપ્રેન્ટીશશીપ યોજના દ્વારા રોજગારી : વધુ ૪ લાખ યુવાઓને રોજાગાર મેળા દ્વારા નોકરીનું આયોજન**
**મગફળીના ટેકાના ભાવે કરી ખરીદી : ૧૨૨ ખરીદકેન્દ્રો પરથી ૧.૭૪ લાખથી વધુ ખેડુતો પાસેથી રૂ.૧૭૪૭ કરોડની૩૪,૯૫,૪૦૦ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી**
**૪૨ લાખ પરિવારોને મામ-અમૃત્તમ અને મા વાત્સલ્ય યોજના દ્વારા આપી રૂ.૨૦૦૦ કરોડની આરોગ્યલક્ષી સહાય**
**દરિયાના ખારા પાણીને મીઠું બનાવવા એક જ વર્ષમાં ૬ ડીસેલીનેશનના પ્લાન્ટના ટેન્ડરો બહાર પડ્યા**
**દેશની આઝાદીના ૭૦ વર્ષ પછી ઐતિહાસિક નિર્ણય : આર્થિક રીતે નબળા બિન અનામત વર્ગો માટે ૧૦ ટકા અનામતનો ત્વરિત અમલ**
**સેવાસેતુના કાર્યક્રમ દ્વારા ૧ કરોડ ૬૦ લાખથી વધુ નાના અને ગરીબ માણસોના પ્રશ્નોનો ઘરઆંગણે ઉકેલ**
**બિન ખેતી(એનએ) પ્રક્રિયા થઇ ઓનલાઇન : ભ્રષ્ટાચાર અને વચેટીયાઓની નાબુદી**
**શહેરોના ઝડપી અને આધુનિક વિકાસ માટે એકજ વર્ષમાં ૧૦૦ ટીપી સ્કીમ અને ૧૦ ડીપી સ્કીમ મંજુર અને ઘણુ બધું..**

### પ્રજાસત્તાક પર્વે સૌ ભારતવાસીઓને અંતઃકરણપુર્વક શુભેચ્છાઓ...

**૭૦માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં**

**પ્રજાસત્તાક પર્વે સૌ નાગરિકોને હૃદયપુર્વક શુભકામનાઓ ... નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

# જ્યોર્જ ફર્નાન્ડીઝ, એક ટ્રેડ યુનિયન લીડર, સામાજીક ચળવળકાર,રાજકારણી અને માસ નેતાનું ૮૮ વર્ષની ઉમરે નિધન



એક ફાયર બ્રાન્ડ ટ્રેડ યુનિયનના નેતા અને સામાજીક કાર્યકર્તા જ્યોર્જ ફર્નાન્ડીઝ એવા જુજ નેતાઓમાંથી એક હતા કે જેઓ જાતિ, ધર્મ અને ધાર્મિક ઓળખથી પર હતા.અને પોતાની એક નવી ઓળખ બનાવી હતી તેમજ લોકોમાં સર્વ સ્વીકૃત હતા.આ જ ખાસિતયને કારણે તેઓ ભારતીય રાજકારણમાં એક અમીટ છાપ છોડી શક્યા હતા.૧૯૩૦માં મેગલુરમાં એક ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા ફર્નાન્ડિઝ કોગ્રેસ વિરોધી નેતા હતા.૯૦ના દાયકામાં ભાજપ સાથેનુ તેમનું ગઠબંધન રાજકારણમાં ભગવા પક્ષની થતી બાદબાકીનો અંત આવ્યો હતો.કેમકે ઘણા ધર્મનિરપેક્ષ પક્ષો તેમને અનુસરતા હતા.અને એ પછી જ અટલ બિહારી બાજપેયીના નેજા હેઠળ ભાજપ બે વખત સત્તા પર આવ્યો હતો.

ગરીબોના મસીહા તરીકે ઓળખાતા ફર્નાડીઝ ૧૦ ભાષાના જાણકાર હતા.તેઓ હિન્દી અને અંગ્રેજી ઉપરાંત તામિલ,મરાઠી,કન્નડ,ઉર્દુ, મલયાલી,તુલુ,કોંકણી અને લેટીન ભાષા પણ બોલતા હતા.જ્યોર્જ છ ભાઇ-બહેનમાં સૌથી મોટા હતા.માત્ર ૧૬ વર્ષની વયે પાદરી બનવાનું શિક્ષણ લેવા માટે તેઓ એક ખ્રિસ્તી મિશનરીમાં મોકલવામાં આવ્યા હતા.પરંતુ તેમણે ચર્ચ છોડી દીધું હતું. એવું કહેવાય છે કે તેઓ જે વખતે ચર્ચમાં પાદરીનું શિક્ષણ લઇ રહ્યા હતા ત્યારે ત્યાંનો પાખંડ જોઇને તેમનો મોહભંગ થયો હતો.એ પછી તેઓ રોજગાર માટે મુંબઇ જતા રહ્યા હતા.

જ્યોર્જ ફર્નાડીઝનું જીવન સંપુર્ણ સંઘર્ષમય હતું. તેઓ ચોપાટી પર સુઇ રહેતા હતા.એ વખતે તેઓ સોશ્યાલીસ્ટ પાર્ટી અને ટ્રેડ યુનિયનોના આંદોલનોમાં સતત જતા હતા.તેમનો શરુઆતનો સ્વભાવ એક બળવાખોર તરીકેનો હતો.રામ મનોહર લોહીયા તેમના પ્રેરણા રહ્યા હતા.૧૯૫૦માં ફર્નાડીઝ ટેક્સી ડ્રાઇવર યુનિયનના બાદશાહ બની ચુક્યા હતા.તેમની વેશભુષા અને દેખાય અનોખો હતો.વિખરેલા વાળ,પાતળા ચહેરાવાળા ફર્નાડીઝ ખાદીના ઝભ્ભા પાયજામા,ઘસાયેલી ચંપલો તેમની ઓળખ બની ગઇ હતી.પહેલી નજરમાં તેઓ એક્ટીવિસ્ટ દેખાતા હતા.એક સમય એવો આવ્યો કે ફર્નાડીઝ બદમાશ અને તોડફોડ કરનાર વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થઇ ગયા હતા.પરંતુ બીજી બાજુ તેઓ ગરીબોના હીરો બની ગયા હતા.૧૯૬૭માં ફર્નાડીઝ પહેલી વખત લોકસભાની ચુંટણીમાં ઉતર્યા અને કોગ્રેસના દિગ્ગજ નેતા એસ.કે પાટિલને પરાજય આપી દીધો અને એ પછી તેઓ જ્યોર્જ ધ જાયંટ કિલર તરીકે ઓળખાવા લાગ્યા.જ્યોર્જની મુલાકાત લૈલા કબીર સાથે એક હવાઇ યાત્રા દરમિયાન થઇ હતી. લૈલાના પિતા હમાયુ કબીર પુર્વ કેન્દ્રીય મંત્રી રહી ચુક્યા હતા.તેઓ લૈલાના પ્રેમમાં પડ્યા અને લગ્ન પણ કર્યા.તેઓથી એક દીકરો જન્મ્યો જે યુ.એસમાં છે.લૈલા જ્યોર્જને છોડી ગયા તેની પાછળ જ્યોર્જની જયા જેટલી સાથેની નજદીકીયા કારણભુત બની હતી.

# જો લોકપાલ હોત તો તો રફાલ ગોટાળો ન થયો હતો : અન્ના હજારે



સામાજિક કાર્યકર્તા અન્ના હજારેએ ભ્રષ્ટાચાર નિરોધક કાનુન લાગુ કરવા અને ખેડુતોની માંગને લઇને ૩૦ જાન્યુ.થી અનિશ્ચિત મુદતની ભુખ હડતાલની જાહેરાત કરી છે.અન્ના હજારેએ કહ્યુ હતું કે જો લોકપાલ હોત તો રફાલ વિમાનોનો ગોટાળો થયો ના હોત.સુપ્રીમ કોર્ટના આદેશ છતાં લોકપાલઅને લોકાયુક્ત અધિનિયમ,૨૦૧૩ને લાગુ ન કરવા બદલ કેન્દ્રની ભાજપ સરકારની ટીકા કરી છે.તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે દેશ પર તાનાશાહી તરફ જવાનો ખતરો મંડાયેલો છે.છેલ્લા આઠ વર્ષથી લોકપાલની માંગણીને લઇને અન્ના હજારે આ ત્રીજી વખત ભુખ હડતાલ કરી રહ્યા છે.

સીવીલ સોસાયટીના સભ્યો અને સમુહોના નેતૃત્વ કરીને એપ્રીલ ૨૦૧૧માં પહેલી વખત રામલીલા મેદાનમાં ભુખ હડતાલ પર બેઠા હતા. તેમણે મીડીયાને કહ્યુ હતું કે મને સમજાતું નથી કે એક મહિના પહેલા બનેલી કંપનીને સહયોગી કેમ બનાવાઇ।

# સીબીઆઇ ચીફ અંગેની સુનાવણીથી ચીફ જસ્ટીસ ગોગોઇ ખસી ગયા

સીબીઆઇના વચગાળાના વડા એમ.નાગેશ્વર રાવની નિમણુંક સામે કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહેલી બેન્ચમાંથી ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ ખસી ગયા છે. ન્યાયના હિતોના રક્ષણનું કારણ જણાવીને ચીફ જસ્ટીસે આ નિર્ણય લીધો હતો.સીજીઆઇએ જણાવ્યુ હતું કે તેઓ ૨૪ જાન્યુઆરીએ નવા સીબીઆઇના ચીફની નિમણુંક કરનારી કમિટીનો ભાગ છે.તેથી તેઓ આ કેસ પર સુનાવણી કરી શકે નહીં. આ મામલે હવે ૨૪ જાન્યુ.બીજી બેન્ચ સુનાવણી કરશે. ચીફ જસ્ટીસે જણાવ્યુ હતું કે આ કેસની સુનાવણી જસ્ટીસ એ.કે.શિકરી કરશે. અગાઉ સિલેક્શન કમિટીમાંથી પણ ચીફ જસ્ટીસ અલગ થઇ ગયા હતા.અને તેમની જગ્યાએ જસ્ટીસ એ.કે.શિકરીને સ્થાન આપવામાં આવ્યું હતું.આ કમિટીમાં જસ્ટીસ શિકરીની સાથે વડાપ્રધાન અને વિપક્ષના નેતા પણ સામેલ હોય છે.

કોમન કોઝ એનજીઓ તરફથી દાખલ કરવામાં આવેલી ઝડપી સુનાવણી અસજીને રદ કરતાં કોર્ટે સુનાવણીની તારીખ નક્કી કરી હતી.આ અરજીમાં રાવની નિમણુંકની સાથે સીબીઆઇના નવા ડાયરેકટરની નિમણુંકમાં પારદર્શિતાની પણ અપીલ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે સીબીઆઇ વિરુધ્ધ સીબીઆઇના કેસમાં સુપ્રીમ કોર્ટે શરતો સાથે પુર્વ ડિરેક્ટર આલોક વર્માને રજા પરથી પરત આવી ઓફીસ સંભાળવા માટે મંજુરી આપી હતી.પરંતુ ત્યારબાદ સરકાર દ્વારા તેમને હટાવી દેવાયા હતા.તેના પછી વર્માએ રાજીનામું આપી દેતાં નાગેશ્વરરાવને ફરીથી વચગાળાના સીબીઆઇ ચીફ બનાવી દેવાયા હતા.

# મોદીની સરકાર દુશ્મન નથી, પણ તે અમર છે તેવો ભ્રમ ના રાખે : શિવસેના

ભાજપના સાથી પક્ષ શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદકીયમાં શિવસેનાએ કોલકોતામાં વિપક્ષોની એકતા રેલી અંગે કટાક્ષ કરતાં પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા.



સામના મુખપત્રમાં લખાયું હતુ કે ટીએમસી પ્રમુખ મમતા બેનરજીએ એક રેલીમાં વિપક્ષની એકતા દર્શાવી હતી. આ રેલીમાં સામેલ થનારા મોટાભાગના નેતાઓ ક્યારેક અટલ બિહારી બાજપેયીના નેતૃત્વમાં ભાજપના સહયોગી હતી.મોદીની સરકાર દેશની દુશ્મન નથી પરંતુ તેણે એવો ભ્રમ પણ ના રાખવો જોઇએ કે તેઓ અમર છે.વાસ્તવમાં મમતાએ ઉદ્ધવ ઠાકરેને રેલીમાં આવવા માટે આમંત્રિત કર્યા હતા.સંપાદકીયમાં લખાયું છે કે શિવસેના માટે આશ્ચર્યની વાત છે કે ૨૨ વિપક્ષો એકસાથે આવ્યા તેનાથી પીએમ મોદી શા માટે ધ્રુજી રહ્યા છે.શિવસેનાના અનુસાર જે રીતે ભાજપને ચુંટણી લડીને સત્તામાં રહેવાનો અધિકાર છે એ રીતે વિપક્ષને પણ સરકારનો પર્દાફાશ કરવાનો અને તેને હરાવવાનો અધિકાર છે.

## જાણવા જેવું

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.